# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| નિર્ધારિત સમય : ત્રણ કલાક<br>Time Allowed : **Three Hours** | મહત્તમ ગુણ : **250**<br>Maximum Marks : **250** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :*

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સામે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતીમાં જ લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### QUESTION PAPER SPECIFIC INSTRUCTIONS

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Questions no. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) કો કહે ઈન્દુ, કો કહે કામ,
એને રૂપે હાર્યા કેશવરામ. *10*

(b) દિસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહીં !
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ લે નહીં ? *10*

(c) એક મહિનો તમે શૂં કહો એક પલક ન જાયે,
દેહમાં જીવ રહે નહિ બીજોગ તહમારો થાયે. *10*

(d) કર્મજડને કર્મ વ્હાલાં, પણ મર્મ ન પ્રીછે બ્રહ્મનો;
ફરી ફરી તે આચરે, પણ ટળે નહિ દેહ ચર્મનો. *10*

(e) હું બોલ્યા વગર જોઈ શકું છું.
કાને સાંભળેલું મનમાં રાખી શકું છું.
જાતે રંગાયા વિના સૌ રંગ જોઈ શકું છું. *10*

**Q2.** **નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિથી ચર્ચા કરો :**

(a) 'વસંતવિલાસ' માં પ્રકૃતિ અને પ્રણયનું આલેખન. *20*

(b) 'ચંદ્ર ચંદ્રાવતીની વારતા' નાં મુખ્ય કથાઘટકો. *15*

(c) 'ફારબસવિરહ' માં ભાવ-સંવેદનની તીવ્રતા અને કવિત્વના ચમકારા. *15*

**Q3.** **સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'રાઈનોપર્વત' માં નીતિભાવના અને સમાજસુધારાની ભાવનાનું આલેખન. *20*

(b) 'મારી હકીકત' માં નર્મદની સત્યનિષ્ઠા અને સર્જકતા. *15*

(c) 'અખેગીતા' માં જીવ, જગત અને ઈશ્વર પર વ્યક્ત થયેલા વિચારો. *15*

**Q4.** **નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો :**

(a) 'સરસ્વતીચંદ્ર-ભાગ : 1' નાં નારીપાત્રો. *20*

(b) 'પૂર્વાલાપ' માં દામ્પત્યપ્રેમનાં કાવ્યો. *15*

(c) 'કાદંબરી' માં ભાવવાહી ચિત્રો. *15*

## SECTION B

**Q5.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) ગહન નિધિ હું, મોજું યે હું, વળી ધનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન. *10*

(b) હું શ્વાસ લેતો હતો; જીવતો હતો ઓછો જ ? *10*

(c) ગાયની રક્ષા કરવાનો ઉપાય એક જ છે,
કે મારે મારા મુસલમાન ભાઈની પાસે હાથ જોડવા ને
તેને દેશની ખાતર ગાયને ઉગારવા સમજાવવું. *10*

(d) હું કોઈનો પ્રતિનિધિ નથી માત્રા સમસ્ત ગુજરાતનો છું. *10*

(e) ઢાંક તો અમારી મા કહેવાય. દીકરીનાં માગાં હોય,
પણ માનાં માગાં કયાંય દેખ્યાં છે ? *10*

**Q6.** **સદષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર' માં વિલક્ષણ નારીસૃષ્ટિ. *20*

(b) 'કાવ્યની શકિત' માંથી પ્રગટ થતી રામનારાયણ પાઠકની વિવેચક-મુદ્રા. *15*

(c) 'જનાન્તિકે' ના નિબંધોમાં પ્રકૃતિરાગ અને સર્જનાત્મક ગદ્ય. *15*

**Q7.** **નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'માનવીની ભવાઈ' માં ગ્રામપરિવેશનું નિરૂપણ. *20*

(b) 'પાટણની પ્રભુતા' માં ઐતિહાસિક સન્દર્ભ અને ક.મા. મુનશીની સર્જકપ્રતિભા. *15*

(c) 'ધ્વનિ' માં ગ્રંથસ્થ ગીતરચનાઓ. *15*

**Q8.** **સમીક્ષાત્મક નોંધ લખો :**

(a) 'હિન્દસ્વરાજ' માં વ્યકત થતી ગાંધીજીની રાષ્ટ્રભાવના. *20*

(b) 'સપ્તપદી' માંથી પ્રગટતી ઉમાશંકર જોશીની કવિપ્રતિભા. *15*

(c) એક નાટ્યપ્રયોગ તરીકે 'અશ્વત્થામા' ની વિશેષતા. *15*